મહત્તમ : ૩૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૦ ટકા

ગાંધીનગર તાપમાન

આંતરશાળા પ્રાર્થના ગાન સ્પર્ધામાં અંધશાળા પ્રથમ

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા યોજાયેલ આંતરશાળા પ્રાર્થના ગાન સ્પર્ધામાં શહેરની ૨૦ શાળાઓએ ભાગ લીધો : પ્રથમ ક્રમે સે-૧૬ અંધશાળા, દ્વિતીય ક્રમે ડીપીએસ-કોબા અને તૃતીય ક્રમે પ્રેમધારા શિશુવિહાર

ગાંધીનગર, તા.૩

જીવન અંજલી થાજો....મારૂ જીવન અંજલી થાજો...

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતા ૨૫મા વર્ષ અંતર્ગત ટાઉનહોલ ખાતે શહેર આંતરશાળા પ્રાર્થના ગાન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શહેરની ૨૦ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં શહેરની અંધશાળા સે-૧૬ના વિદ્યાર્થીઓએ બાજી મારી કાર્યક્રમમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. આ સમુહગાન સ્પર્ધા નિહાળવા માટે શહેરના મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

પ્રસન્નતાના ૨૫મા વર્ષ અંતર્ગત ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આંતરશાળા પ્રાર્થના ગાન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શહેરની ૨૦ શાળાઓએ ભાગ લઈ સંગીતના વાદ્યો સાથે અલગ અલગ પ્રાર્થના પ્રસ્તુત કરી હતી. જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સે-૭ દ્વારા જીવન અંજલી થાઓ પ્રાર્થના, આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સે-૨૩ દ્વારા તૂપ્યાર કા સાગર હૈ, પ્રેરણા વિદ્યાલય સે-૫ દ્વારા સુબહ સવેરે લેકર તેરા નામ પ્રભુ, રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા હે મા સરસ્વતી ભવાની, ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ દ્વારા યે મત કહો ખુદાસે મેરી મુશ્કીલ બડી હૈ, મહાત્મા ગાંધી વિદ્યા મંદિર સે-૧૬ દ્વારા સુબહ સવેરે લેકર તેરા નામ પ્રભુ, આરાધના વિદ્યા વિહાર સે-૨૮ દ્વારા જીવન અંજલી થાજો, એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ સે-૨૩ દ્વારા ન ફુલ ચઢાઉં, ન માલા ચઢાઉં, સ્કૂલ ઓફ એચિવર-ઈંગ્લિશ મિડીયમ દ્વારા પ્રેમલ જયોતિ તારો દાખવી, આદર્શ નિવાસીકુમાર શાળા સે-૮ દ્વારા વીણા વાદીની વર દે, શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સે-૨૩ દ્વારા હે માત સરસ્વતી વિદ્યા દાયીની, દિલ્હી પબ્લિક સ્કૂલ કોબા દ્વારા હે શારદેમાં અજ્ઞાનતા સે હમેં તર દે માં, આરજી. પટેલ ગર્લ્સ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સે-૨૩ દ્વારા મારી બંસીના બોલ બે તું બજાવી જા, સ્કૂલ ઓફ એચિવર ગુજરાતી મિડીયમ દ્વારા હે પરમેશ્વર મંગલદાતા, અંધશાળા સે-૧૬ દ્વારા આલાપની એક જ રટણા, સ્વામિનારાયણ હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સે-૨૩ દ્વારા તેજ પંથના યાત્રી, રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ સરગાસણ દ્વારા અલ્લાહ તેરો નામ, જે.એમ.પી. ઈન્ટીગ્રેટેડ કેમ્પસ સે-૧૫ દ્વારા પ્રેમ જયોતિ દારો દાખવી, આદર્શ નિવાસી કન્યા શાળા સે-૮ દ્વારા તેરી પનાહ મેં હમે રખના, પ્રેમધારા શિશુ વિહાર હાઈસ્કુલ સે-૨૬ દ્વારા જય જય જય હે વિણા ન્યારી જેવી અલગ અલગ પ્રાર્થનાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં શહેરના મેયર રીટાબેન પટેલ, ઉચ્ચ શિક્ષણ અધિકારી લલિતભાઈ પાડલિયા, ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ અને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, પૂર્વ મંત્રી મહેન્દ્ર ત્રિવેદી, જાણીતા નાટયકાર પ્રકાશભાઈ લાલા, શહેરના સાંસ્કૃતિક અગ્રણી જયરાજસિંહજી સરવૈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે દરેક શાળાના પ્રતિનિધિ શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓને પ્રાર્થનાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમ અંધશાળા સે-૧૬ના વિદ્યાર્થીઓએ મેળવ્યો હતો જેમને જાણીતા ઉદ્યોગપતિ (વેસ્ટર્ન એગ્રીસીડસ) એન.પી. પટેલ દ્વારા ૨૧,૦૦૦નો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. દ્વિતિય ક્રમે દિલ્હી પબ્લિક સ્કુલ કોબા રહી હતી જેમને ૧૫,૦૦૦નો રોકડ પુરસ્કાર અને તૃતીય ક્રમે આવનાર પ્રેમધારા શિશુવિહારને ૧૧,૦૦૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

નિર્ણાયક તરીકે જાણીતા સંગીતકારો નયનેશભાઈ જાની, ડૉ. ફાલ્ગુનીબેન ડોકટર, વિપુલભાઈ આચાર્ય એ ફાળો આપ્યો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પોતાના પ્રતિભાવો રજુ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિરેન ભટ્ટ, ડૉ. વર્ષાબેન પારેખ અને નિમેષ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સાથે સંસ્થાના સભ્યો ડૉ. ચેતના બુચ, મમતાબેન રાવલ, કિન્નરીબેન દવે, નિષ્ઠા જોશી, મનોજ જોશી, ભરતભાઈ દવે, અતુલ અમિન, નરેશ ઠાકર તથા અન્ય સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા માટે ફાળો પૂરો પાડયોહતો.

પ્રાર્થનાથી આપણું ભાથું બંધાય છે. સારા કામ કરવાની શકિત મળે છે. આજે બાળકો સોશિયલ મિડીયાનો ઉપયોગ વધુ કરે છે અને જલ્દી અગ્રેસીવ થઈ જાય છે પરંતુ પ્રાર્થનાથી તેમને શાંત પાડી શકાય છે.

- રીટાબેન પટેલ (મેયર)

આ વૃક્ષોથી શુધ્ધ શહેર નથી અહીંના માણસો પણ શુધ્ધ છે.

- નયનેશભાઈ જાની (પ્રખ્યાત સંગીતકાર)

કલ્ચરલ ફોરમ સંસ્થા જે કાર્યો કરી રહી છે તે માટે હું અભિનંદન પાઠવુ છું. મારા મતે પ્રાર્થના કરવાથી આંતરિક શકિતઓ વૃધ્ધિ પામે છે પ્રાર્થના કરતી વખતે શબ્દો ઓછા હોવા જોઈએ અને દીલ વધુ રાખવું જોઈએ. તમે પ્રાર્થના અને સંગીતના સથવારે જીવશો તો તે તમને કયારેય વિચલિત નહીં થવા દે.

- લલીત પાડલીયા (ઉચ્ચ શિક્ષણ અધિકારી)

વિનયન કોલેજમાં 'મુનશી પ્રેમચંદ'ની જન્મજયંતિ ઉજવાઈ

'મુનશી પ્રેમચંદ' નામ સાંભળતાની સાથે હિન્દી ઉપન્યાસ યાદ આવે. હિન્દી સાહિત્યમાં જેમને 'ઉપન્યાસ સમ્રાટ' તરીકે ઓળખવામાં

આવે છે તેવા મુનશી પ્રેમચંદની જન્મજયંતિ તા. ૩૦મી જુલાઈના રોજ હતી જે નિમિત્તે ગાંધીનગરની સરકારી વિનયન કોલેજ ખાતે મુનશીજીના જીવન આધારિત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના હિન્દી વિભાગના પ્રાધ્યાપક ડૉ. જીજ્ઞાબેન પટેલ અને એ.એન. સરવૈયા એ પ્રેમચંદના સાહિત્યિક યોગદાન પર વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમના સમાપને આચાર્ય ડૉ. રાજેશ કોઠારીએ આશીર્વચન પાઠવ્યા હતા. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ગાંધીનગર શહેરમાં પહેલા વરસાદના પ્રારંભે જ પ્રશાસનની પોલ ખુલી જવા પામી છે. શહેરના ઘ-૭ પ્રેસ સર્કલ પાસે વરસાદને પગલે ભુવો પડ્યો છે. ખોદકામ બાદ યોગ્ય પુરણના અભાવે જમીન બેસી જતા આ પરિસ્થિતિ સર્જાઈ છે. જો કોઈ ભારે વાહન અહીંથી પસાર થાય તો ચોક્કસ ખુંપી જવાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે તંત્ર દ્વારા યોગ્ય પુરણ થાય તેવી લોકમાંગ પ્રબળ બની છે.

જીટીયુમાં તેજસ્વી દેખાવ

ગાંધીનગરની સરસ્વતી ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસની વિદ્યાર્થીનીઓ ખુશી આર. જાની અને જેનિ વી. પટેલે વર્ષ ૨૦૧૯ની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) પરીક્ષામાં ફાર્મ ડી. વિભાગમાં યુનિવર્સિટી કક્ષાએ અનુક્રમે છઠ્ઠું તથા નવમું સ્થાન પ્રાપ્ત કરીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. બંને વિદ્યાર્થીનીઓને સંસ્થાના સંચાલક કે.જી. પટેલ, પ્રિન્સિપાલ તથા સ્ટાફે શુભેચ્છા પાઠવી હતી.

રાજયનું સોહામણું પાટનગર ૫૫મા વર્ષમાં પ્રવેશ્યું તે પ્રસંગે શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા અનેકવિધ ઉજવણી કરવામાં આવી હતી. શહેરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સેકટર-૨૯ ખાતે શાંતિ નિકેતન સંકુલમાં વૃક્ષારોપણ થકી પાટનગરના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો સહિત અગ્રણી નાગરિકો પણ જોડાયા હતા.

સે-૪-એમાં લગાડાયેલા રમતગમતના સાધનો તુટી પણ ગયા...!!!

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં મહાનગરપાલિકા દ્વારા વોર્ડ દીઠ કોર્પોરેટર્સને ગ્રાન્ટમાંથી બાળકોને રમવાના સાધનો લગાડવાની કીટની મંજૂરી અપાઈ હતી જે અંતર્ગત શહેરમાં લગભગ દરેક સેકટરમાં આ પ્રકારના સાધનો લગાડવામાં આવ્યા છે. લોકવિકાસની ગ્રાન્ટમાંથી લગાડવામાં આવેલા સાધનો થોડાક જ સમયમાં તુટી જવા પામ્યા છે.

શહેરમાં વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૪-એમાં છેલ્લા ૧૫ દિવસથી બાળકોને રમતગમત માટે લગાડવામાં આવેલા સાધનો પૈકી 'ઊંચકનિચક' એટલે જેને 'ચિચવો' કહેવાય તે તુટી જવા પામ્યો છે. રમતગમતના સાધનોની આ કીટને લગાડે હજુ એટલો સમય નથી થયો કે તે આટલી દયનીય સ્થિતિમાં આવી જાય આ બાબતે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતને જાણ થતા તેઓ સ્થળ તપાસ કરવા આવી પહોંચ્યા હતા. તેમણે સાધનોનું મૂલ્યાંકન કર્યા બાદ તેમણે સાધનોની સપ્લાયર એજન્સીને જાણ કરી સત્વરે સાધનો રીપેર કરવા તાકીદ કરી હતી.

આજથી સળંગ ૨૪ કલાક સુધી નોનસ્ટોપ ૩૦૦ ગીતો ગાઈને સ્વ. કિશોરકુમારનો જન્મ દિવસ ઉજવાશે

રવિવારે સ્વ. કિશોરકુમારની જન્મ જયંતિ નિમિત્તે ''આઈકા''ના સહયોગથી શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે અનોખો વિશ્વ વિક્રમ રચાશે

ગાંધીનગર, તા. ૩

સુપ્રસિદ્ધ પાશ્ચગાયક સ્વ. કિશોરકુમારના નામથી કોણ પરિચિત નહીં હોય ? ભારતીય હિન્દી ફિલ્મ જગતમાં તેમણે દાયકાઓ સુધી તેમના સુમધુર સુરીલા અને મસ્તીભર્યા કંઠથી હજારોની સંખ્યામાં લોકપ્રિય ગીતો ગાયા છે. તા. ૪થી ઓગષ્ટે સ્વ. કિશોરકુમારનો જન્મ દિવસ છે જેની ગાંધીનગરમાં અનોખી ઉજવણી થવા જઈ રહી છે. શહેરના કુડાસણ વિસ્તાર સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે તા. ૪થી ઓગષ્ટ રવિવારે ૧૦ વાગ્યાથી તા. ૫મી ઓગષ્ટ સોમવાર ૧૦ વાગ્યા સુધી સતત ૨૪ કલાક દરમ્યાન ૩૦૦થી વધુ કિશોરકુમારના નોન સ્ટોપ ગીતો કરાઓકે ટ્રેક પર ગાવાનો વિશ્વરેકોર્ડ નોંધાશે.

ગાંધીનગર કલા-સંગીતપ્રેમી નાગરિકોનું શહેર છે. આ શહેરમાં સંગીત આધારિત કાર્યક્રમો કદાચ અન્ય કોઈપણ શહેર કરતા વધુ પ્રમાણમાં યોજાઈ રહ્યા છે. આજકાલ શહેરમાં કરાઓકે ટ્રેક પર ગાયકીનો ટ્રેન્ડ શહેરમાં પુરબહારમાં ખિલ્યો છે અને જેના પગલે ઓલ ઈન્ડિયા કરાઓકે એસોસિએશન દ્વારા અહીં તેમની શાખા શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે શરૂ કરવામાં આવી છે. ''આઈકો''ના સહયોગથી શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે તા. ૪થી ઓગષ્ટે સ્વ. કિશોરકુમારના જન્મદિન નિમિત્તે સળંગ ૨૪ કલાક સુધી નોન સ્ટોપ તેમના ૩૦૦થી વધુ ગીતો ગાવામાં આવશે. આ ગીતો શહેરના કરાઓકે સિંગિગના શોખીનો દ્વારા ગાવામાં આવશે જેમાં સોલો, ડ્યુએટ, ટ્રાયો તથા ગ્રૂપ સોંગ્સનો પણ સમાવેશ થશે. જે એક વિશ્વ વિક્રમ બની શહેરનું નામ રોશન કરશે.

માર્ગ અને મકાન વિભાગ આયોજિત રક્તદાન શિબિરમાં ૪૩૩ યુનિટ્સ રક્ત એકત્ર કરાયું

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં નવા સચિવાલય ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૩૩ યુનિટ્સ રક્ત એકત્ર થવા પામ્યું હતું.

રક્તદાન શિબિરમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ઉપસ્થિત રહી રક્તદાતાઓ તથા આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો.

રક્તદાન શિબિરમાં એકત્ર થયેલ રક્ત ''થેલેસેમિયા''થી પીડિત બાળ દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવામાં આવશે. રક્તદાન શિબિરમાં માર્ગ અને મકાન વિભાગના સચિવ એસ.બી. વસાવા તથા તમામ ઈજનેરો અને અન્ય અધિકારીઓ-પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ જોડાયા હતા. રક્ત એકત્ર કરવાની સેવા અમદાવાદની ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા અપાઈ હતી તથા આયોજકો દ્વારા રક્તદાતાઓને પ્રમાણપત્ર તથા શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા.

આજે ગાંધીનગરમાં

ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન સાવનભાદો હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન અન્ન દર્શનાવલીના કલાત્મક હિંડોળા યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા સુધીરભાઈ જાની, ૨૫ વિરાટનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિવંદના કાર્યક્રમ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા બીપીનભાઈ ત્રિવેદી, સી-૪૦૨, દેવકૃપા રીધમ, ખ-૦, સરગાસણ ચોકડી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક અને શિવમહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા નિલકંઠભાઈ પંડયા ૧૧૯૭, સે-૨૭ના નિવાસસ્થાને સવારે ૯ કલાકે મહાપ્રસાદ સાથે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● રામધામ વાવોલ ખાતે પ.પૂ. મહામંડલેશ્વર મધુસુદન દાસ બાપુના મુખેથી બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવભાગવત કથા તથા સવારે ૬ થી સાંજના ૮.૩૦ દરમિયાન વિવિધ બિસ્કિટના હિંડોળાના દર્શન થશે.

● સુંદરધામ પરિવાર દ્વારા ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ૩ થી ૬.૩૦ દરમિયાન સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન ખાતે શિવકથા યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે સાંજે ૮.૧૫ કલાકથી અંકુરભાઈ પાઠક દ્વારા શિવમહિમ્ન સ્તોત્રથી અભિષેકાત્મક લઘુરૂદ્ર યોજાશે.

સામાજીક અને સાંસ્કૃતિક

● સંસ્કાર ગ્રૂપના બાળકો દ્વારા સાંજે ૬.૪ થી ૭.૩૦ દરમિયાન સે-૭ બગીચા પાસે બગીચામાં આવેલ નાના-મોટા અને વૃધ્ધોને મિત્ર બનાવી ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધવામાં આવશે.

● વસાહત મંડળ સે-૩ અને મારૂ સેકટર ગ્રીન સેકટર દ્વારા સવારે ૭.૩૦ કલાકે સે-૩-સી સરકારી દવાખાનાની પાછળ વૃક્ષારોપણ કરવામાં આવશે.

● દાદા ભગવાન પરિવાર ગાંધીનગર સેન્ટર દ્વારા દિપકભાઈના આશીર્વાદ પ્રાપ્ત આપ્તપુત્રનો સત્સંગ કાર્યક્રમ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સે-૧૨ આંબેડકરભવન ખાતે યોજાશે.

● માતૃભાષા અભિયાનના ઉપક્રમે આત્મન ફાઉન્ડેશન દ્વારા સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન ઘ-૪ સર્કલ ખાતે પુસ્તક પરબ યોજાશે.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળને વૈદિક પરિવાર દ્વારા ૨૫મીએ 'સ્વાસ્થ્ય સુધારસ'

ગાંધીનગર, તા.૩

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને વૈદિક પરિવાર ગાંધીનગર દ્વારા 'સ્વાસ્થ્ય સુધારસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મન-શરીર-આત્મા માટે વિદ્વાન વકતાશ્રીઓ દ્વારા કુદરતી ઉપચાર અને સ્વાસ્થ્ય પ્રાયોગિક નિસર્ગોપચાર વિચારોનો સ્વાસ્થ્ય પર પ્રભાવ લક્ષ્યપ્રાપ્તિના બાધક તત્ત્વો ઉપાયોની રીત, સાંસ્કૃતિક કૃતિ વિષય પર ડૉ. ધર્મેશભાઈ પટેલ, ડૉ. હરીશ પટેલ, એમ રૂપમજી, વિદ્વાન અવધેશ પ્રસાદ પાંડેજી, અરવિંદ રાણા, વર્ષાબેન દવે માર્ગદર્શન આપશે.

શરીરના કોઈ પણ દુઃખાવામાં દવા વગર ઈન્સ્ટન્ટ દુઃખાવો દુરની પધ્ધતિનો સમાવેશ કરવામાં આવેલ છે તો રસ ધરાવતાઓએ ફરજયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેથી સંચાલનની વ્યવસ્થાની સુગમતા રહે મહેન્દ્રભાઈ ગાંધી, વર્ષાબેન દવે, રણછોડભાઈ રાણા પાસે ૧૫મી ઓગષ્ટ સુધીમાં નામ નોંધાવવા જણાવાયું છે. ૨૫મી ઓગષ્ટે કડી કેમ્પસમાં બ્રહ્માણી કૃપા હોલ સે-૨૩માં સવારે ૮ થી ૧૨ દરમિયાન કાર્યક્રમ યોજાશે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

● **ખાનદાની શફાખાના** ૯.૪૫, ૧૧.૩૫, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
● **જજમેન્ટલ હૈ કયા** ૯.૦૫, ૫.૩૦, ૧૦.૪૫
● **સુપર-૩૦** ૨.૫૫, ૬.૫૫, ૯.૩૦, ૧૦.૦૦
● **ચાસણી (ગુજરાતી)** ૮.૦૦ કલાકે સાંજે
● **કબીરસિંગ** ૧૨.૫૫ બપોરે
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૫.૧૫, ૯.૪૫, ૧૦.૫૫ ૩-ડી અંગ્રેજી ૧૧.૩૫, ૮.૦૫
● **ધ લાયન કિંગ** હિન્દી ૩-ડી ૧૦.૫૦, ૪.૨૫, ૭.૦૫

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

● **ખાનદાની શફાખાના** ૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
● **જજમેન્ટલ હૈ કયા** ૧૦.૧૫ સવારે, ૪.૦૦ સાંજે
● **સુપર-૩૦** ૧૨.૫૦, ૬.૩૫, ૯.૪૫
● **ચાસની (ગુજરાતી)** ૧.૩૫
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૮.૦૫, ૧૦.૫૫ ૩-ડી અંગ્રેજી ૯.૩૦, ૧૧.૩૫, ૫.૧૫
● **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૧૧.૦૦, ૪.૨૦, ૬.૫૫

સિટી પલ્સ કુડાસણ

● **ખાનદાની શફાખાના** ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
● **જજમેન્ટલ હૈ કયા** ૬.૩૦
● **સુપર-૩૦** ૭.૦૦ સાંજે
● **ચાલ જીવી લઈએ (ગુજરાતી)** ૩.૪૫
● **ચાસની (ગુજરાતી)** ૯.૩૦
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૨-ડી હિન્દી ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫ ૨-ડી અંગ્રેજી ૧૨.૧૫, ૫.૧૫, ૯.૩૦
● **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૪.૩૦, ૭.૦૦
● **કબિરસિંગ** ૧૨.૩૦ બપોરે

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● **ખાનદાની શફાખાના** ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૩૦
● **જજમેન્ટલ હૈ કયા** ૪.૫૫
● **સુપર-૩૦** ૧.૪૦, ૭.૧૫
● **ચાસની (ગુજરાતી)** ૧૦.૧૫ રાત્રે
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૨-ડી હિન્દી ૧૦.૦૦, ૧૨.૫૫, ૩.૫૦, ૬.૪૫, ૯.૪૦ ૩-ડી હિન્દી ૮.૩૦, ૧૧.૨૫, ૫.૧૫, ૮.૧૦, ૧૧.૦૫
● **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૨.૨૦

જાગૃત નાગરિક પરિષદની પાંચમીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની દર મહિનાની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તા. ૫મી ઓગષ્ટના સોમવારે સાંજે સાડા ચાર કલાકે સેકટર-૨ના નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

ચિરવિદાય

- સ્વ. ગાંડાભાઈ આત્મારામ હરિજન, ઉ.વ. ૭૫
- સ્વ. રઈબેન રમણલાલ પ્રજાપતિ, ઉ.વ. ૮૭
- સ્વ. બબુબેન ગોવિંદભાઈ કબીરા, ઉ.વ. ૪૯